### વૈભવ નથી જોઈતો, શિષ્યવૃત્તિ અને મૂળભૂત સુવિધાની માંગ સાથે

# રાજ્યમાં પહેલીવાર Gen Zનું પ્રદર્શન

**વાલોડના** બુહારી-વીરપોરમાં કોલેજના વિદ્યાર્થીઓનો ચક્કાજામ

**MLA** મોહનભાઈ ઢોડિયા દોડી આવ્યા, સરકારમાં રજૂઆતની ખાતરી આપી



હેરિક ચૌધરી વિદ્યાર્થી

સુરત, વાલોડઃ જંતરમંતરમાં યુવાઓના પ્રદર્શનના કારણે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. ત્યાર પછી પણ હજી શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતિ ચિંતાજનક છે. ત્યારે આજે શિષ્યવૃતિ અને મૂળભૂત સુવિધાની માંગ સાથે તાપી જિલ્લાના વાલોડ કોલેજના વિદ્યાર્થીઓએ રસ્તા પર ઊતરી ચક્કાજામ કરી દીધો હતો. જેની જાણ થતાં ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ ત્યાં પહોંચી વિદ્યાર્થીઓને સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપતાં આંદોલન સમેટી લીધું હતું.

વાલોડના બુહારી-વીરપોરમાં કોલેજના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ અને મૂળભૂત સુવિધાઓ માટે રસ્તા રોકીને ચક્કાજામ કર્યો હતો. થોડા દિવસ પહેલા પણ તેમણે ટ્રસ્ટીઓને મળીને રજૂઆત કરી હતી છતાં નિરાકરણ નહીં આવતા આંદોલન કરવાની ફરજ પડી હતી. જંતરમંતર બાદ ગુજરાતમાં પણ વિદ્યાર્થી રસ્તા પર ઉતર્યા હોવાની જાણ થતાં જ ધારાસભ્ય ત્યાં પહોંચી ગયા હતા. સાથે જ ઘટનાસ્થળે પોલીસ કાફલો પણ ત્યાં પહોંચ્યો હતો. બુહારીના સુરજભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓ સાથે વાત કરી અને પ્રાથમિક માંગણીઓનો શક્ય તેટલી વહેલી તકે ઉકેલ લાવવાની ખાતરી આપી છે. 30 તારીખ સુધીમાં સમસ્યા ઉકેલવાની ખાતરી મળતા વિદ્યાર્થીઓએ આંદોલન મોકૂફ રાખ્યું હતું.







#### બુહારી કોલેજ વીરપુરની સ્થિતિ

- વિદ્યાર્થિનીઓ માટે કોમનરૂમ- ✗
- સેનેટરી પેડ અને ડિસ્પોઝલની સુવિધા - **નથી**
- ટોઇલેટમાં સાફસફાઇની વ્યવસ્થા- ✗
- ટોઇલેટમાં પીવાના પાણીની વ્યવસ્થા- **નથી**
- પીવાનું શુદ્ધ પાણી- ✗
- વર્ગખંડમાં લાઇટ પંખા - **નથી**
- કોલેજમાં વોચમેન - ✗
- વિદ્યાર્થીઓ માટે રમતગમતની સુવિધા-**નથી**

**આ રીતે પેશાબ કરવા માટે વિદ્યાર્થીઓ મજબૂર**



## કુડસદમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

કીમઃ ઓલપાડના કુડસદના સમૂહ વસાહત નહેરૂનગરમાં 36 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દીપક જ્ઞાનેશ્વર સૂર્યવંશી (ઉં.વ.36) છેલ્લા દોઢેક માસથી નોકરી પર જતા નહોતા. તેઓ પર્સનલ લોનના કારણે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં રહેતા હોવાનું પરિવારજનો દ્વારા પોલીસને જણાવાયું હતું. ઉપરાંત તેમને લાંબા સમયથી ખેંચની બીમારી પણ હોવાનું જાણવા મળ્યું છે. તા.24 ઓગસ્ટના રોજ બપોરના સમયે દીપકભાઈએ પોતાના ભાડાના મકાનમાં પંખા લગાવવાના હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે કીમ સરકારી દવાખાને લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે સાંજે 4:45 કલાકે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં કીમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરગામ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



દિપકસિંહ મહીડા

અંત્રોલીઃ સાબરગામ કોલેજ દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી અને સેવાભાવી ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા કોસમાડા સ્થિત પ્રભુ સેવા આશ્રમ ખાતે માનસિક રીતે અસ્વસ્થ દર્દીઓ સાથે રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માનવતા, સેવા અને સ્નેહનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત છેડછા પ્રાથમિક શાળા ખાતે નાનાં ભૂલકાં સાથે પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. આશરે 30 જેટલી વિદ્યાર્થિનીએ બાળકો તથા આશ્રમના લાભાર્થીઓને રાખડી બાંધી પ્રેમ અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્ય ડો. ફાલ્ગુનીબેન ઠક્કરે આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રો. શૈલેષ પાંધી અને ડો. તેજસ શાહે કર્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં સહાયક અધ્યાપક ધર્મેશ રાઠોડ, ભાર્ગવ પટેલ અને ફેનિલ પટેલએ સહયોગ આપ્યો હતો.

### અલ્લુ ચોકડી પાસેથી બાઇક ચોરાઈ

બારડોલીઃ અલ્લુ ગામના ડેરી ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય વિરલકુમાર ઢોડીયા ૨૪ ઓગસ્ટે સવારે પોતાની ગ્રે-કાળા રંગની હીરો સ્પ્લેન્ડર બાઇક નં.(GJ 19 BB 9861) લઈને અલ્લુ ચાર રસ્તા પાસે નાસ્તો કરવા ગયા હતા. તેઓ બાઇકમાં ચાવી છોડી સામેની લારી પર નાસ્તો કરવા ગયા હતા. દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ રૂ.30,000ની કિંમતની બાઇક ચોરી ફરાર થઈ ગયો હતો. શોધખોળ બાદ બાઇક ન મળતાં તેમણે ૨૫ ઓગસ્ટે સુરત ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### પલસાણામાં 12મી કાવડ યાત્રા યોજાઈ



ઈલ્યાસ શેખ

પલસાણાઃ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પલસાણામાં સત્ય સનાતન મંડળ દ્વારા પરંપરાગત 12મી ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઘેચાથી પલસાણા સુધી યોજાયેલી આશરે 30 કિલોમીટરની આ ધાર્મિક પદયાત્રામાં 1,550થી વધુ શિવભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિવભક્તોએ હાથમાં કાવડ ધારણ કરી, હર હર મહાદેવ અને બોલ બમના જયઘોષ સાથે ખુલ્લા પગે પદયાત્રા કરી હતી. યાત્રા દરમિયાન સમગ્ર માર્ગ ભક્તિમય માહોલથી ગૂંજી ઉઠ્યો હતો. સતત 12 વર્ષથી યોજાતી આ કાવડ યાત્રા હવે પલસાણા તાલુકામાં ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક બની રહી છે. વાઘેચાથી પ્રસ્થાન કરેલી કાવડ યાત્રાનું વિવિધ સ્થળોએ ગ્રામજનો અને શિવભક્તો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો ઉપરાંત વડીલો અને બાળકો પણ જોડાયા હતા. ભાવિકોની સુવિધા માટે આયોજકો તથા સેવાભાવી કાર્યકરો દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

### કામરેજમાં 100થી વધુ રિક્ષાઓ ડિટેઈન



વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ચાર રસ્તાની આસપાસના વિસ્તારોમાં ઓટો રિક્ષા ચાલકોના ત્રાસને લઈ મંગળવારના રોજ કામરેજ પોલીસ દ્વારા રિક્ષા ચાલકો સામે આંખ લાલ કરી 100થી વધુ રિક્ષાને ડિટેઈન કરવામાં આવતાં રિક્ષા ચાલકો ફફડી ગયા હતા.

### બારડોલી BABS હાઈસ્કૂલનું ગૌરવ





બારડોલીઃ અમદાવાદના The FORUM Convention Centre ખાતે તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલા રાજ્યકક્ષાના 'તૃતીય રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' કાર્યક્રમમાં સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારના માર્ગદર્શન અને BABS હાઈસ્કૂલ મેનેજમેન્ટના સહયોગથી સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ BABS હાઈસ્કૂલ, બારડોલીની વિદ્યાર્થિની કુ.વૈશ્વી કેવિનકુમાર શાહ તથા શિક્ષક જયદીપ નીકુભાઈ આહિર દ્વારા ગૌરવપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું.

## માખિંગામાં ડેંગ્યુથી શ્રમજીવી યુવકનું મોત

પલસાણાઃ માખિંગામાં રહેતા અને રોજગારી અર્થે આવેલા મૂળ ઝારખંડના એક ૨૩ વર્ષીય યુવકનું ડેંગ્યુની બીમારીના કારણે મોત નીપજ્યું છે. ૨૩ વર્ષીય પિંટુ કુમાર કુસેશર ભુઈયા મૂળ ઝારખંડના ચતરાના ગીધ્ધોર તાલુકાનો વતની હતો. તે હાલમાં માખિંગા ખાતે સાબર હોટલની બાજુમાં આવેલા ગ્લોબલ ઈકો ટેક્સ્ટાઈલ પાર્કમાં રૂમ નં-૩૦થી ૩૩માં રહી મજૂરીકામ કરતો હતો. યુવકને છેલ્લા ત્રણ-ચાર દિવસથી ડેંગ્યુનો તાવ આવતો હતો અને તેની તબિયત નાદુરસ્ત હતી. બીમારીના કારણે પઠાણ પાર્ક સ્થિત કરનભાઈની બિલ્ડિંગ રૂમ નં-૨૨ ખાતે તા.૨૪ ઓગસ્ટે સવારે મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકની સાથે રહેતા અને મૂળ ઝારખંડના જ વતની એવા નોમનકુમાર મુંશી ભુઈયા (ઉં.વ.૨૫)એ સવારે ૧૦:૩૫ કલાકે પલસાણા પોલીસ મથકે સત્તાવાર જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પલસાણા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી છે.

## કીમ રેલવે ઓવરબ્રિજ પર અકસ્માતમાં બાઈક સવારને ઈજા



કિરણ ઢોડિયા

કીમઃ કીમ ચાર રસ્તાથી કીમ ગામ તરફ જતા રેલવે ઓવરબ્રિજ પર અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે વાહન હંકારી બાઈકને ટક્કર મારતાં 52 વર્ષીય વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.

તા.22 ઓગસ્ટે બપોરે આશરે 2:30 વાગ્યાના અરસામાં કીમ રેલવે ઓવરબ્રિજ પર વિનયકુમાર ત્રિયુગીનારાયણ ત્રિપાઠી (ઉં.વ.52) (રહે.,અંબિકાનગર સોસાયટી, કઠોદરા) પોતાની હીરો પેશન પ્રો મોટરસાઈકલ નં.(GJ-05-PK-0579) લઈને પસાર થઈ રહ્યા હતા.

દરમિયાન એક અજાણ્યાલકે પૂરઝડપે વાહન હંકારી તેમની મોટરસાઈકલને ટક્કર મારી હતી. અકસ્માતમાં વિનયકુમારને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે તેમની પુત્રી કાજલબેન વિનય ત્રિપાઠીએ કીમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## બારડોલીના વાંકાનેરમાં દારૂ ભરેલી કાર દીવાલ સાથે અથડાઈ

**પોલીસને** જોઈ ચાલકે ભાગવાનો પ્રયાસ કરતાં અકસ્માત થયો

**રૂ.૭.૪૧** લાખનો મુદ્દામાલ જપ્ત અને ચાલક ફરાર



બારડોલીઃ સુરત જિલ્લા એલસીબીએ બારડોલીના વાંકાનેર ગામ પાસેથી ૨.૪૧ લાખ રૂપિયાના વિદેશી દારૂ અને કાર સહિત કુલ ૭.૪૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટનામાં પોલીસથી બચવા જતા કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો અને ત્યારબાદ તે ઘટના સ્થળેથી પોતાની ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૪ ઓગસ્ટે સુરત ગ્રામ્ય એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે દમણથી એક લાલ કલરની i20 કાર નં.(GJ 05 RQ 4131 છે)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને તેનો ચાલક નવસારી અને સરભોણ થઈને બારડોલી તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વાઘેચ ગામ નજીકવોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર આવતાં પોલીસને જોઈ ચાલકે નાકાબંધી તોડી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ખાનગી વાહનોમાં પીછો ચાલુ રાખ્યો હતો. કાર સરભોણ, કાની અને તરસાડી થઈને વાંકાનેર ગામ તરફ ભાગી હતી, જ્યાં વાંકાનેરના ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપની બાજુમાં ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર ત્યાં આવેલા વોલ કમ્પાઉન્ડની દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ ગઈ હતી, જેનાથી દીવાલ અને કાર બંનેને નુકસાન પહોંચ્યું હતું. જોકે, ચાલક ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે કાર પાસે પહોંચી તપાસ કરતાં ડીકીમાં અને વચ્ચેના ભાગે સંતાડેલી ૧૪૨૮ બોટલ વિદેશી દારૂ મળ્યો હતો. જેની કુલ કિં. રૂ.૨,૪૧,૮૦૦ આંકવામાં આવી છે. પોલીસે ૫ લાખ રૂપિયાની હ્યુન્ડાઈ i20 કાર અને દારૂ મળી કુલ રૂ.૭,૪૧,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અજાણ્યા અને વોન્ટેડ કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી સુરત ગ્રામ્ય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કીમમાં કાકીના ઘરે ચોરી કરનાર ભત્રીજા પાસેથી મુદ્દામાલ રિકવર

**અગાઉ** 5 લાખ કબજે કર્યા બાદ રિમાન્ડ દરમિયાન વધુ 9.37 લાખની રિકવરી

**6 લાખ** બેંકમાં ફિક્સ ડિપોઝિટ, જ્યારે 1 લાખ પિતાને સાચવવા આપ્યા હતા



કિરણ ઢોડિયા

કીમઃ કીમના શિવાજીનગર વિસ્તારમાં કાકીના ઘરે થયેલી સોનાની ચોરીના ગુનામાં કીમ પોલીસે લાખોની રિકવરી કરી છે. પોલીસે આરોપી દીપક મહાજન પાસેથી ચોરીના આશરે 11 તોલા સોનાનાં ઘરેણાં વેચાણથી મળેલા કુલ 14.37 લાખ કબજે કર્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી દીપક મહાજને તેની કાકી અલકાબેનના ઘરેથી ચોરી કરેલા સોનાનાં ઘરેણાં મહારાષ્ટ્રના જલગાંવ ખાતેના રુદ્ર જ્વેલર્સના સોનીને વેચી દીધા હતા. સોનીએ આ સોનાના ઘરેણાંના બદલામાં આરોપીને આશરે 14.37 લાખ ચૂકવ્યા હતા. ગુનાની તપાસ દરમિયાન કીમ પોલીસે આરોપીને ઝડપી પાડ્યા બાદ પ્રથમ તબક્કામાં તેની પાસેથી 5 લાખ કબજે કર્યા હતા. બાદ આરોપીના રિમાન્ડ દરમિયાન વધુ તપાસ હાથ ધરતાં પોલીસે વધુ 9.37 લાખની રિકવરી કરી હતી. આમ, પોલીસે ચોરીના સોનાના વેચાણથી મળેલા કુલ 14.37 લાખ કબજે કરવામાં સફળતા મેળવી છે. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે, આરોપીએ ચોરીનાં નાણાંમાંથી 6 લાખ બેંકમાં ફિક્સ ડિપોઝિટ કરાવ્યા હતા, જ્યારે 1 લાખ પોતાના પિતાને સાચવવા માટે આપ્યા હતા. પોલીસની તપાસ મુજબ કાકી પાસેથી અગાઉ ઉછીના લીધેલા રૂપિયા પરત ન મળતાં આરોપીએ કાકીના જ ઘરમાં ચોરી કરવાનું કાવતરું ઘડ્યું હતું. ચોરી બાદ પોલીસની પકડથી બચવા માટે તેણે આગોતરું આયોજન કરી ચોરીની રકમનો એક હિસ્સો બેંકમાં ફિક્સ ડિપોઝિટ પણ કરાવી દીધો હતો. આ સમગ્ર મામલે કીમ પોલીસે કુલ 14 લાખની રિકવરી કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## વાલિયામાં વિધવા સહાયના રૂ.48 હજારની ચોરી

ભરૂચઃ વાલિયા તાલુકાની વિધવા મહિલાના બેંક ખાતામાંથી સરકારી સહાયરૂપે આવેલા રૂ.48,200 ગેરકાયદે ઉપાડી લેનાર આરોપીને પોલીસે દબોચી લીધો છે.

વાલિયા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી કે, મહિલાના ATM કાર્ડ મારફત કોઈકે રકમ ઉપાડી લીધી છે. પોલીસે CCTV ફૂટેજ ચેક કરીને આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપી અંકલેશ્વરની HDFC બેંકમાં નોકરી કરતો વિશ્વજીતસિંહ પ્રવીણસિંહ રાઠોડ (રહે.,દત્તનગર, તા.નેત્રંગ) છે, જેને પોલીસે અંકલેશ્વર બેંક પરથી ઝડપી લીધો હતો. પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી કે, તેણે પીડિત વિધવાનું વાલિયા એક્સિસ બેંકમાં બંધ પડેલું ખાતું રીએક્ટિવ કરાવ્યું અને તેમાં પોતાનો અન્ય મોબાઈલ નંબર લિંક કરી દીધો હતો. આ રીતે વિધવા સહાયની રકમ તેના બેંક ખાતામાં ટ્રાન્સફર થતાં તેણે જુદાં જુદાં ATMમાંથી કુલ રૂ.48,200 ઉપાડી લીધા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીનો ભાંડો ફૂટતાં વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ઝંખવાવમાં મોબાઈલ ચોરાતાં ફરિયાદ

વાંકલઃ ઝંખવાવ ખાતે મનપસંદ નાસ્તાની દુકાને મિત્ર અનંત સાથે નાસ્તો કરવા ગયેલા ઈકો ગાડીના ચાલક રોશન અમરસિંહ વસાવા (રહે., જૂની જામુની ગામ, નેત્રંગ)નો મોબાઈલ ફોન ચોરાયો હોવાની ઘટના સામે આવી છે. તા.૨૫ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યે ટેબલ પર મૂકેલો રૂ.૩,૦૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ અજાણ્યો ચોર ઈસમ નજર ચૂકવીને ચોરી ગયો હતો. આ અંગે ઝંખવાવ પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 02:45pm, 05:00pm, 05:45pm, 06:15pm, 09:00pm, 09:30pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**જાહેર હરાજી**

અરેઠ તાલુકાના કસાલ ગામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ આંગણવાડી-2 જર્જરીત સ્થિતિમાં હોવાથી તેનો ઉપયોગ કરવો હિતાવહ નથી. જેની અંદાજિત અપસેટ કિંમત રૂ.9,500 /- નક્કી કરવામાં આવી છે. જે કોઈ રસ ધરાવતા ઈચ્છુક વ્યક્તિઓ હોય તેઓએ તા. 31-08-2026, સોમવારે ના રોજ સવારે 11:30 કલાકે પંચાયત કચેરીએ રૂબરૂ હાજર રહી હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

કસાલ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જિ. સુરત — સરપંચ, શ્રી મહેશભાઈ ડી.ચૌધરી



**જાહેર નોટીસ**

આથી હમારા અસીલણ જમનાબેન કાળીયાભાઈ વસાવા તે શંકરભાઈ વસાવાની પત્નિ, રહે. નવીનગરી, અંધારી, સહીજ, તા.ધોળકા, જી.અમદાવાદનાઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને સુચીત કરવામાં આવે છે કે અમારા અસીલણની વડીલો પાર્જીત મીલકત સુરત ડિસ્ટ્રીક્ટના સબ ડિસ્ટ્રીક્ટ અરેઠના મોજે ગામ કરંજ માં આવેલ ખેતીની જમીન જેનો બ્લોક નંબર-૯૮, જેનો ખાતા નંબર-૬ વાળી ૭૩એએ વાળી જમીન જેનુ કુલ્લે ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૦-૩૪-૪૦ ચો.મી.આકાર રૂપીયા ૦૨-૧૨ પૈસાવાળી જમીનમાં અમારા અસીલણનો કાયદેસરનો લાગભાગ હક્ક હિત હિસ્સો ચાલી આવેલ છે. જે બાબતે અમારા અસીલે મે.માંડવીના નાયબ કલેક્ટર(માંડવી પ્રાંત) સાહેબની કોર્ટમાં રેવન્યુ પ્રકરણો ચાલી આવેલ છે. જેથી કોઈ પણ વ્યક્તિએ સદરહુ નોટીસમાં જણાવેલી મીલકત બાબતે કોઈપણ જાતનો વેચાણ,વહેવાર કે લખાણો કે ગીરો કે બોજો લીયન ઉપરોક્ત મીલકત બાબતે કોઈની જોડે પણ કરવો કરાવવો નહી અને કરશો તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો તેમ છતાં આવો કોઈ પણ પ્રકારના લખાણો કે કોઈ વહેવારો અમારા અસીલણની સંમતી વગર કરશો તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. અને નાહકના ખોટા ખર્ચમાં અને કોર્ટ કચેરીના પ્રકરણમાં ઉતરવુ પડશે જેમાં અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. તા.૨૫/૦૮/૨૦૨૬

રમેશ એસ.પટેલ એડવોકેટ
રહે.કરંજ, તા.અરેઠ, જી.સુરત મો. ૯૦૯૯૬૪૫૩૬૫



**જાહેર નોટીસ**

આથી હમો મહમદહનીફ યાકુબ દાવજી માંજરા રહે. મોસાલી તા. માંગરોળ જી. સુરતના તે અમારી નીચે જણાવેલ સહીયારી માલીકી કબજા ભોગવટા વાળી ખેતીની જમીન વેચાણ કરનાર છીએ. ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ માંગરોળના બોજે ગામ કરગરા ના...

| ખાતા નંબર | બ્લોક નંબર | સરવે નંબર | હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|---|
| ૬૬ | ૪૩ | ૭૪, ૭૫ | ૦-૯૫-૧૩ | ૨-૩૧ |

ઉપરોક્ત ખેતીની જમીન હમો વેચાણ કરવા ઈચ્છીએ છીએ. જેથી સદર જમીન ઉપર હમો માલીકો સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, મંડળીઓ કે સંસ્થા કે કોઈના પણ કોઈપણ પ્રકારના લાગ ભાગ દર, દાવા કે હક્ક, હિસ્સો હિત સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને કરવી. સદર મુદ્દતમાં તે અંગેની જાણ નહીં આવે તો કોઈના પણ સદર જમીનમાં કોઈપણ પ્રકારના લાગ ભાગ હક્ક હિસ્સો હિત સંબંધ વિગેરે નથી તેમ માની અથવા તમામ હક્કો સ્વૈચ્છિક રીતે છોડી દીધેલ છે. તેમ માની અમો વેચાણથી લેનાર અન્ય કોઈપણ ઈસમને રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ લખી આપનાર છીએ. ત્યારબાદ કોઈપણ પ્રકારની તર તકરાર ચાલશે નહીં જેની ખાસ નોંધ લેશો.

સ્થળ :- મોસાલી
તા.૨૫/૦૮/૨૦૨૬

જાહેર નોટીસ આપનાર
મહમદહનીફ યાકુબ દાવજી માંજરા



**મહે.માંગરોલના એડી.સિવિલ જજ સાહેબશ્રી કોર્ટમાં મું-માંગરોલ.**

કિ.પરચુરણ અરજી નં.૨૮૨/૨૦૨૬

અરજદારઃ-જયેશભાઇ મોરરભાઇ પટેલ.

વિરુદ્ધ

સામાવાળાઃ-તલાટી મંત્રી સાહેબશ્રી, પિપોદરા ગ્રામ પંચાયત, તા-માંગરોલ,જી-સુરત.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે, આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાનું નામ રવજીભાઇના જન્મના દાખલામાં બાળકની નામવાળી કોલમમાં નામ રવજીભાઇ લખાયેલ છે.તેના સ્થાને જયેશકુમાર મુજબનો સુધારો કરવા માટે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અરજી કરી છે. જેની મુદત તાઃ ૨૧/૦૯/૨૦૨૬ ના રોજની મુકરર કરવામાં આવી છે . આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઇ પણ પ્રકારનો વાંધો,વિરોધ હોય તો પોતે અથવા વકીલશ્રી મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૫મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકબલ કરનાર | | હુકમથી શ્રી |
|---|---|---|---|
| (કે.વી.ચૌધરી) | (સી.એન.ડાંગર) | કોર્ટનો સિક્કો | (આર.એ.પટેલ) |
| આસી.સીવીલ કોર્ટ | આસી.સીવીલ કોર્ટ | | રજીસ્ટ્રાર.સીવીલ કોર્ટ |
| માંગરોલ | માંગરોલ | | માંગરોલ |



**જાહેર નોટીસ**

મોજે - આંકલવા, તા. હાંસોટ, જી. ભરૂચ ની સીમમાં આવેલ ખાતા નંબર- ૧૮૮, બ્લોક / સર્વે ન.(જુનો) ૩૩૪ (નવી) ૬૭૪ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૧૦-૩૩, આકાર રૂા. ૦.૮૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલિક મનુભાઈ હરિભાઈ પરમાર નાઓએ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સુંદર ખેતીની જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કી યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન - ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક, વાંધા રજુ થશે નહી તો કોઈના હક્ક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરની રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતના ટાઈટલ અંગે કોઈની કોઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા. ૨૫-૦૮-૨૦૨૬

જીજ્ઞેશ એલ. ચૌહાણ (એડવોકેટ)
૩૮૨૦, સીતારામ નગર, પંચવટી, છાપરારોડ, છાપરા, નવસારી. મો.: ૮૪૬૯૫૯૦૪૪૫, ૮૪૬૦૨૬૬૪૬૧